દેશભરમાં જ્યારે ભાજપની જીતનો જશ્ન મનાવાઈ રહ્યો હતો ત્યારે પાલનપુર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ખંભાતી તાળા જોઈ કાર્યકરો નિરાશ થઈ પરત ફર્યા હતા. ત્યારે કાર્યકરોમાં અનેક તર્ક-વિતર્ક થવા લાગ્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ચાર રાજયોમાં કમળ ખિલતા પાલનપુર શહેર ભાજપમાં ખુશીનુ મોજું ફરી વળ્યું

પાલનપુર, તા.૮

દેશના ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણીના પરીણામો આજરોજ જાહેર થતા દેશભરના ભાજપના કાર્યકરોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. તમામ રાજયોમાં કમળ ખીલી ઉઠયું છે. કમળ ખીલવાથી પાલનપુર ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો.

દેશના દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં કમળ ખિલવાથી ગુજરાત રાજયના શહેરોમાં પણ ફટાકડા ફોડી, વિજયની ખુશી મનાવામાં આવી રહી છે. અને ભાજપના કાર્યકરોને આ વિજયથી રાજયના મુખ્યમંત્રીનો પી.એમ. બનવાનો રસ્તો સાફ દેખાઈ રહ્યો છે તેવી આશા દેખાઈ રહી છે.

દેશમાં કોંગ્રેસના સૂપડા સાફ કરી કેસરિયો છવાઈ જવાથી પાલનપુર શહેર ભાજપ દ્વારા ગુરુનાનક ચોક ખાતે વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી. વિજયોત્સવમાં ભાજપી કાર્યકરો દ્વારા 'નરેન્દ્રભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ', 'દેશ કા નેતા કૈસા હો નરેન્દ્રભાઈ જૈસા હો' જેવા જોરશોરથી નારા લગાવવામાં આવતા હતા. આ પ્રસંગે કાર્યકરોદ્વારા એકબીજાને મોં મીઠું કરાવતા જોવા મળ્યા હતા.

કાર્યક્રમમાં પાલનપુર શહેર ભાજપના અગ્રણી રાણાભાઈ દેસાઈ, પાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, શહેર પ્રમુખ અનિકેત ઠાકર, યુવા ભાજપ મહામંત્રી હરેશ ચૌધરી, યુવા પ્રમુખ જશવંતસિંહ વાઘેલા સહિત મહિલા મોરચાના અનેક કાર્યકરોએ ઉપસ્થિત રહી જીતની ઉજવણી કરી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

ચાર રાજયોની વિધાનસભા ચૂંટણીના પરિણામો આવતા ૩ રાજયોમાં ભાજપે શાનદાર જીત મેળવી છે. ભાજપની શાનદાર જીતની સાથે ખેડબ્રહ્મામાં પણ ભાજપ કાર્યકર્તાઓએ સરદાર ચોક ખાતે ફટાકડા ફોડી વિજય ઉત્સવ મનાવ્યો હતો. જેમાં શહેર પ્રમુખ નારાયણદાસ બારોટ, નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ, અરવિંદભાઈ ઠકકર, મીનાબેન, જયોત્સનાબેન સહિત ભાજપના અસંખ્ય કાર્યકરો જોડાયા હતાં.

ભારત નિર્માણ - સહનું હિત, સહુનો હકના સુત્રોચ્ચાર સાથે ઉમરેઠની સડકો ગૂંજી ઉઠી

ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવ દરમ્યાન જાનજાગૃતિ રેલીનું આયોજન

ઉમરેઠ, તા. ૭

કેન્દ્રમાંની યુપીએ સરકારે ગ્રામીણ ગરીબો તેમજ સમાજના નબળા વર્ગના લોકોના કલ્યાણ માટે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીને આંકલાવના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચાવડા સહુનો હક સહિતના નારા સાથે ઉમરેઠની સડકો ગજવી હતી. રેલીમાં શાળાના શિક્ષકાએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જે અનેકવિધ મહત્ત્વની યોજનાઓ અમલમાં મૂકી છે એનો મહત્તમ લાભ ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચે તેવા ઉમદા હેતુથી ગુજરાતના તમામ જિલ્લાઓમાં ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવનું આયોજન થાય છે. જે અંતર્ગત આણંદ જિલ્લાના ઉમરેઠ ખાતે ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવનું તા. ૦૭ થી ૦૯ ડિસેમ્બર, ૨૦૧૩ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓથી વિરમગામની જનતાને વાકેફ કરવા માટે આજ રોજ સવારે ૧૦.૩૦ કલાકે એસ. એન્ડ ડી. ટી. મ્યુનિ. ઓપન ગ્રાઉન્ડ, માર્કેટ યાર્ડ સામે, ઉમરેઠ ખાતે શ્રી સંતરામ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. રેલી ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવના પેવેલીયનથી શરૂ થઈ ઉમરેઠ શહેરથી પસાર થઈ લોક માહિતી ઉત્સવના પ્રાંગણે પહોંચી હતી.

રેલીમાં શ્રી સંતરામ માધ્યમિક શાળાના આશરે ૫૦૦વધુ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. હતો. સર્વ શિક્ષા અભિયાન, માહિતીનો અધિકાર, ઈન્દિરા આવાસ યોજના, મધ્યાહ્ન ભોજન યોજના, રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન વગેરે જેવી ભારત સરકારની જન કલ્યાણકારી યોજના દર્શાવતા બેનરો સાથે રેલીમાં જોડાયેલા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓએ ભારત નિર્માણ ઝિંદાબાદ સહુનું હિત,

કૂકડીયા રામજી મંદિરમાં ચોરી થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૮

ઈડર તાલુકાના કુકડીયા ગામે બસ સ્ટેન્ડ નજીક આવેલ રામજી મંદિરમાં શુકવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મંદિરનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ભગવાનની મૂર્તિ પર રખાયેલ ચાંદીના છત્રરની ચોરી કરી લઈ ગયા બાદ નજીકમાં જ ફેંકી દીધું હતું. જે અંગે શનિવારે ફરિયાદ નોંધાતા બડોલી આઉટ પોસ્ટના જમાદારે તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે કુકડીયા બસ સ્ટેન્ડ નજીક આવેલ રામજી મંદિરમાં પુજારી તરીકે દિનેશભાઈ સાધુ કુટુંબ સાથે રહે છે. દરમિયાન તેઓ કામ અર્થે બહારગામ ગયા હતા. દરમિયાન શુકવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મંદિરનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી મંદિરમાં ભગવાનની મૂર્તિ પરથી ચાંદીના છત્રરની ચોરી કરી લઈ ગયા હતા અને તેને બસ સ્ટેન્ડ પર જ ફેંકી દીધું હતું જે અંગે ગામમાં જાણ થતાં અનેક લોકો દોડી આવ્યા હતા. ત્યારબાદ આ અંગે બડોલ આઉટપોસ્ટમાં જાણ કરાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગરના ધાણધા નજીકથી ૮ લાખનું ડમ્પર ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા.૮

હિંમતનગરના ધાણધા નજીક આવેલા એક વે બ્રિજ પાસેથી શુકવારે રાત્રે અજાણ્યા ઈસમોએ આવી રૂ. ૮ લાખના કિંમતના ડમ્પરની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ડમ્પરના માલિકે શનિવારે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર ઈડર રોડ પર આવેલ ધાણધા નજીકના શિતલ મોટર બે બ્રિજ નજીક પાર્ક કરાયેલા ડમ્પર નંબર જીજે.૯.એકસ.૭૩૨૪ને પાર્ક કરવામાં આવ્યું હતું. દરમિયાન શુકવારે રાત્રે અજાણ્યા શખ્સોએ આવી રૂ. ૮ લાખના ડમ્પરની ચોરી કરી લઈ ગયા હતા. ત્યારબાદ શનિવારે ડમ્પરના માલિકની શોધખોળ કરતા પત્તો મળ્યો ન હતો. જેથી વિનોદભાઈ બેચરભાઈ પટેલે ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરી ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગરમાં રક્તદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા ડિસ્ટ્રીકટ ડ્રગ મેન્યુફેકચર્સ એસોસીએશન અને એચ.ડી.એફ.સી. બેંકના સહયોગથી તાજેતરમાં રેડક્રોસ સોસાયટી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮૭ રકતદાતાઓએ રક્તદાન કર્યું હતું. આ અંગે કાન્તીલાલ શાહના જણાવ્યા અનુસાર તાજેતરમાં રેડક્રોસ ખાતે યોજાયેલા રકતદાન કેમ્પમાં એસોસીએશનના સભ્યો તથા એચ.ડી.એફ.સી. બેંકના કર્મચારીઓ સહિત અન્ય રકતદાતાઓ મળી ૮૭ જણાએ રકતદાન કરી ઉમદા કાર્ય કર્યું હતું.

ચાર રાજયોની ચૂંટણીમાં આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપનો ભગવો લહેરાવાતા સમગ્ર દેશમાં ભાજપ કાર્યકરોએ ઉત્સવ મનાવ્યો હતો. જ્યારે દાંતીવાડા કોલોની ખાતે પણ યુવા ભાજપના કાર્યકરોએ જાહેરમાં ફટાકડા ફોડી ભાજપના નારા લગાવી રેલી યોજી હતી રેલીમાં તાલુકાના અગ્રણી અને ભાજપના મહામંત્રી જયેન્દ્રભાઈ જોષી, નટુભાઈ ચૌધરી, વિનોદભાઈ ચૌધરી, યુવા મોરચાના મંત્રી મુકેશભાઈ નાઈ, ઈશ્વરભાઈ રબારી, ચંપુસિંહ વાઘેલા, સિદ્ધરાજસિંહ વાઘેલા, મીડાયા સેલના કન્વીનર પ્રવિણ પટેલ સહિત તાલુકાના કાર્યકરો જોડાયા હતા. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

હિંમતનગરમાંથી કતલખાને લઈ જવાતા ત્રણ પશુઓને બચાવાયા

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી રવિવારે વહેલી સવારે એક વાહનમાં ભરી કતલખાને લઈ જવાતા ત્રણ પશુઓને ગૌરક્ષકોએ બચાવી ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે ગૌરક્ષક સાકાભાઈ માંડણભાઈ દેસાઈને એવી બાતમી મળી હતી કે હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં થઈ એક વાહનમાં ત્રણ પશુઓને ભરી કતલખાને મોકલાઈ રહ્યા છે. જેથી તેમણે રવિવારે વહેલી સવારે સહકારી જીન વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન અહીંથી પસાર થતાં છોટા હાથી નંબર જીજે.૯.ઝેડ.૬૯૩૬ ને તપાસ અર્થે ઉભી રખાવી હતી. પરંતુ તેનો ચાલક ગૌરક્ષક રવિ પટેલ તથા અન્ય લોકોને જોઈ ભાગી ગયો હતો. ત્યારબાદ તેમાં તપાસ કરાતા ત્રણ પશુઓને મરણતોલ હાલતમાં બાંધી પાસ પરમીટ વગર કતલખાને લઈ જવાતા હતા. જેથી તરત જ આ પશુઓને બચાવી લઈ ટાઉન પોલીસ સ્ટેશનમાં જઈ જાણ કરતા પોલીસે અજાણ્યા ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે અને પકડાયેલા આ પશુઓને ઈડર પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા.

મહિલા સશક્તિકરણ અને આશા સંમેલનનો ઉમરેઠ ખાતે શુભારંભ

'આશા' કાર્યકરોને એઈડ્સ તેમજ ક્ષય જેવા રોગોનો ફેલાવો અટકાવવા અને લોકોને સ્વસ્થ જીવન માટે સમજાવવા વધુ સક્રિય બનવા જણાવતાં આરોગ્ય નિષ્ણાતો

ઉમરેઠ, તા. ૭

આજે આણંદ જિલ્લાના ઉમરેઠ ખાતે કેન્દ્રમાંની યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સની પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘની આગેવાની હેઠળની લોક કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડ માટે ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવનું આયોજન થયું છે. આજે ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવ હેઠળ મહિલા સશક્તિકરણ અને આશા સંમેલન સાથે તેનો શુભારંભ થયો હતો. ગ્રામ વિસ્તારોમાં પ્રજાનાં આરોગ્યની સંભાળ માટે નિમાયેલાં 'આશા' મહિલા કાર્યકરોને એઈડ્સ તેમજ ક્ષય જેવા રોગોનો ફેલાવો અટકાવવા તથા સ્વસ્થ જીવન જીવવા માટે પ્રાણાયામ, યોગ અને ધ્યાન કરવા લોકોને સમજાવવા વિશેષ પ્રયાસો કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ગ્રામીણ અર્થતંત્રની કાયા પલટ કરવા માટે ત્રણ દિવસના ભારત નિર્માણ લોક માહિતી ઉત્સવના શુભારંભ પ્રસંગે યોજાયેલા આશા કાર્યકરોના સંમેલનને સંબોધતાં અમીતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા લોકોને માહિતી શિક્ષણ અને રોજગારીનો અધિકાર આરોગ્ય નિષ્ણાતોએ આ અપીલ કરી હતી. આજના શુભારંભ સમારંભમાં આણંદ જિલ્લામાંથી 'આશા' કાર્યકરો ઘણી મોટી સંખ્યામાં હાજર રહી હતી.

લોકમાહિતી ઉત્સવના ઉદ્‌ઘાટક આંકલાવના ધારાસભ્ય શ્રી અમીત ચાવડાએ સખ્ત ટીકા કરી હતી. એમણે લોકોને ગુમરાહ કરવાના આ પ્રયાસો વચ્ચે કેન્દ્રની વિવિધ ક્રાંતિકારી બક્ષતા જે અનેકવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે. એનાથી દેશમાં વિકાસકૂચ ઝડપી બની છે. આજે મોટા ભાગની લોક કલ્યાણકારી યોજનાઓ કેન્દ્રની દેન છે, આમ છતાં રાજય સરકાર દ્વારા એનો યશ ખાટવાના જે પ્રયાસો થઈ રહ્યાં છે એની શ્રી અમીત ચાવડાએ સખ્ત ટીકા કરી હતી. એમણે લોકોને ગુમરાહ કરવાના આ પ્રયાસો વચ્ચે કેન્દ્રની વિવિધ ક્રાંતિકારી યોજનાઓની સાચી માહિતી તેમજ એનો લાભ લેવા માટે માર્ગદર્શન પુરું પાડવા લોક માહિતી ઉત્સવ યોજવાનાં પગલાંને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે સોજીત્રાના ધારાસભ્ય શ્રી પૂનમભાઈ પરમારે જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ધિરાણ સહાય, શિક્ષણ અંગે શિષ્યવૃત્તિ, રાઈટ ટુ એજ્યુકેશન સહિત મનરેગા યોજનાની માહિતી આપી હતી. તેમણે આ દરેક યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું. કેન્દ્ર સરકારે લોકોના વેરાનો ઉપયોગ કરી કલ્યાણકારી યોજના બનાવી છે. તો પછી નાગરીકોએ તેનો લાભ કેમના લેવો જોઈએ ? સહુ જાગૃત બનો અને યોજનાનો લાભ લો.

હિંમતનગરની પરિણીતાને સાસરીયા દ્વારા ત્રાસ અપાતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના બગીચા વિસ્તારમાં રહેતા રાવલ પરિવારની એક પરિણીતાને તેણીના પતિ, સાસુ, સસરા અને નણંદ દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપી તેમજ તેણીની પાસેથી લીધેલા અંદાજે રૂ. ૧૦ લાખ પરત ન આપતા તેણીએ વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશનમાં ચાર સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા તેના આધારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. આ અંગેની વિગત એવી છે કે વડોદરામાં રહેતી નિકેતાબેન રાવલના લગ્ન હિંમતનગરના બગીચા વિસ્તારમાં રહેતા યાંત્રિકકુમાર પ્રકાશચંદ્ર રાવલ સાથે અંદાજે એક વર્ષ અગાઉ કરાયા હતા. જો કે નિકેતાબેન તત્કાલિન સમયે પુનઃ લગ્ન કરી આવ્યા હતા. જ્યાં નવ દિવસ બાદ સાસરીયા દ્વારા માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યુંહતું. જેમાં તેણીના પતિ યાંત્રિકકુમારે પરિવારની ચઢામણીથી અંદાજે રૂ. ૧૦ લાખની માગણી કરી હતી, જે નિકેતાબેને પૂર્ણ કરી હોવા છતાં અવારનવાર ત્રાસ આપી સાસરીયા દ્વારા તું ગાંડી છે, તું તો લંડનમાં શોભે તેમ છે તેમ કહી જાનથી મારી નાખવાના પ્રયાસ કરવામાં આવતા નિકેતાબેન વડોદરા પિયરમાં જતા રહ્યા હતા. તેમ છતાં સાસરીયા દ્વારા નિકેતાબેનને અપાયેલ સોનાના દાગીના અને રૂ. ૧૦ લાખ પરત ન કરતા તેણીએ શનિવારે વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશનમાં સસરા પ્રકાશચંદ્ર ભીખાલાલ રાવલ, સાસુ ભાવનાબેન પ્રકાશચંદ્ર રાવલ, નણંદ મનાની રાવલ તથા પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અંતર્ગત આ ફરિયાદ હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં મોકલી અપાતા મહિલા પી.આઈ. કે.આર. ડાભીએ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન